Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

6704



# શ્રી આત્માનંદ પ્રકાશ

卐

## Shri Atmanand Prakash

પુસ્તક ૫૨ મું. આત્મ સંવત ૨૦૧૦.

સં. ૫૮

અંક ૯ મો. પ્રકાશન ચૈત્ર.

તા. ૧૫-૪-૫૪

☆

Edited by

Shri Jain Atmanand Sabha

Bhavnagar

વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


૧. અજારાપાર્શ્વનાથ સ્તવન ... ... ... ( લે. મુનિરાજશ્રી સુશીલવિજયજી ) ૧૨૯
૨. સતરમા શ્રી અનીલજિન સ્તવન સાર્થ... ... ( લે. ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ ) ૧૩૦
૩. સોળ સતીનો છંદ... ... ... ( લે. પ્રો. હીરાલાલ રસિકદાસ એમ. એ. ) ૧૩૧
૪. નવમા સુવિધિનાથ જિન સ્તવન સાર્થ... ... (લે. પં. શ્રી રામવિજયજી ગણિવર્ય ) ૧૩૩
૫. ધર્મ કૌશલ્ય ... ... ... ... ... ( લે. સ્વ. મૌક્તિક ) ૧૩૬
૬. સુભાષિત સંગ્રહ ... ... ... ... ... ... ( સુધાકર ) ૧૩૭
૭. વ્યાપાર નીતિ શતક ... ... ... ( લે. અમરચંદ માવજી શાહ ) ૧૩૮
૮. શ્રીમદ્ રાજચંદ્રની પવિત્ર વિચારશ્રેણી... ... ... ... ( લે. જિજ્ઞાસુ ) ૧૪૦
૯. સોનેરી સુવાકયો ... ... ... ... ... ...( લે. અચ્છાબાબા ) ૧૪૧
૧૦. વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ... ( સભા ) ૧૪૨
૯. સ્વીકાર સમાલોચના ... ... ... ... ... ...( સભા ) ૧૪૩


## નમ્ર સૂચના.

આત્માનંદ પ્રકાશ માટે લેખકોએ મોકલેલ ઘણી કવિતાઓ અમારી પાસે પડી છે, તેથી કોઇ પણ લેખકોએ કવિતાઓ હાલ મોકલવી નહિ; કેટલીક કવિતાઓ તથા લેખો મેળ વગરના નીરસ આવે છે, તેવા દાખલ કરવામાં આવતા નથી, તેમજ કઇ કવિતા કે લેખ લેવો અને કયો ન લેવો તે તંત્રી મંડલ નિર્ણય કરે છે. તેમજ લેખ કે કવિતા પાછી મોકલવામાં આવતી નથી. તંત્રી મંડલ

( શ્રી આત્માનંદ પ્રકાશ )

---

## નમ્ર સુચના.

**બૃહતકલ્પસૂત્ર** છઠ્ઠો ભાગ હાલમાં પ્રસિદ્ધ થયો છે, પરંતુ આગલા કેટલા ભાગોનું વેચાણ ઘણા વખત પહેલાં થયેલું હોવાથી, છ ભાગો તૂટક થયા છે, અને છએ ભાગ પૂરતા નહિં મેળવનાર અને બીલકુલ નહિં મેળવનારા અનેક મુનિરાજો, જ્ઞાન ભંડારો, ખપી આત્માઓના પૂરતા ભાગ મેળવવા માટે સભા ઉપર અનેક પત્રો આવવાથી, અમોએ અન્ય સ્થળેથી ખૂટતા આગલા ૩–૪–૫ ભાગો મેળવીને હાલમાં થોડા ભાગો એકઠા કર્યા છે, અને તેની નકલો પણ ઘણી થોડી છે; જેથી જોવે તેમણે મંગાવવા નમ્ર સૂચના છે. કિંમત ૩–૪–૫ દરેક ભાગના દશ દશ રૂપીયા સાડી અને છઠ્ઠા ભાગના સોળ રૂપીયા (પોસ્ટેજ જુદુ)

---


## તૈયાર છે. અનેકાન્તવાદ (અંગ્રેજી ભાષામાં) જલદી મંગાવો

લેખકઃ–હરિસત્ય ભટ્ટાચાર્ય એમ. એ.

ઉપરોક્ત ગ્રંથ ઉંચા પેપર, અંગ્રેજી સુંદર ટાઇપ તેમજ પાકા બાઇન્ડીંગ સાથે તૈયાર છે. કિંમત રૂા. ૨–૦–૦ પોસ્ટેજ જુદું.

**શ્રી સસ્તુ સાહિત્ય કમીટી**
અંતર્ગત શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.


---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના માનવંતા પેટ્રન—



રા. રા. શેઠ ચંદુલાલભાઈ વર્દ્ધમાન શાહ જે. પી.

સુરેન્દ્રનગર-હાલ મુંબઈ

શ્રી મહોદય પ્રિ૦-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૮૦. | ચૈત્ર–એપ્રીલ | પુસ્તક ૫૧ મું.

વિક્રમ સં. ૨૦૧૦. | | અંક ૯ મો.


## શ્રી અજારાપાર્શ્વનાથનું સ્તવન

( રાગ–ગઝલ )

અજારા પાર્શ્વ પ્રભુ પ્યારા, અમારા પ્રાણ આધારા;
ભવોદધિ પાર કરનારા, મુક્તિના સુખ દેનારા. અજારા૦ ( ૧ )
અજારા તીર્થના સ્વામી, વળી સિદ્ધિગતિગામી;
જગત અંતરજામી, અનંતગુણ–ગણધામી. અજારા૦ ( ૨ )
વામાદેવીતણા નંદ, અશ્વસેન કુલચંદા;
સેવે સુર નર ઇંદા, સોહે લાંછન નાગિંદા. અજારા૦ ( ૩ )
સોળ લાખ વર્ષ પૂર્વેની, મનોહર મૂરતિ જેની;
જોતાં નવી ખસે પ્રાણી, કરે કર્મોતણી હાનિ. અજારા૦ ( ૪ )
પૂજી લાખ વર્ષ ધરણેન્દ્રે, વળી છસો વર્ષ કુબેરે;
સાત લાખ વર્ષ પર્યંત, પૂજી વરુણદેવે રે. અજારા૦ ( ૫ )
દેવી પદ્માવતી મુખથી, મગન વાણી સુણીને;
સાંયાત્રિક વણિકે એ, સાગરમાંથી લાવીને. અજારા૦ ( ૬ )
ચમત્કારી પ્રતિમા એ, સમર્પી રોગી નૃપને રે;
વિકસ્યાં તન મન તેનાં, નીરખી જન્ય બિંબને રે. અજારા૦ ( ૭ )
અજરાજા પીડાતા'તા, શતોપરિ સાત રોગે રે;
થયા નિરોગી એ તો એ, અજારા પાર્શ્વયોગે રે. અજારા૦ ( ૮ )
અજપુર ગામ વસાવી, સુંદર મંદિર બંધાવી;
પ્રતિમા પાર્શ્વ પધરાવી, અજારા નામ ધરાવી. અજારા૦ ( ૯ )
થયો ઉદ્ધાર ચોદ વારે, શિલાલેખ જણાએ;
સંવત હજાર ચૌદનો, પુરાણો ઘંટ દીપાએ. અજારા૦ ( ૧૦ )
અજારા પાર્શ્વનાં ગુણો, અંતર ભક્તિ ભાવે રે;
નેમિ–લાવણ્યસૂરિવરના, દક્ષ સુશીલ ગાવે રે. અજારા૦ ( ૧૧ )

મુનિરાજ શ્રી સુશીલવિજયજી મ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રીમદ્ દેવચંદ્રજીકૃત અતીત ચોવીશી મધ્યે
# સત્તરમા શ્રી અનીલજિન સ્તવન—સાર્થ

( સં. ડૉકટર વલ્લભદાસ નેણસીભાઈ—મોરબી )

સ્વારથ વિણુ ઉપગારતા રે, અદ્ભુત અતિશય રિદ્ધિ,
આત્મસ્વરૂપ પ્રકાશતા રે, પૂરણ સહજ સમૃદ્ધિ.
અનીલજિન સેવીએ રે, નાથ તુમારી જોડી ન કો ત્રિહું લોક મેં રે,
પ્રભુજી પરમ આધાર અછો ભવિ થોકને રે. ॥ ૧ ॥

સ્પષ્ટાર્થ:—હે અનીલનાથ-સ્વામી ! સત્તરમા તીર્થપતિ ! તમે પોતાનો સ્વાર્થ તો સિદ્ધ કર્યો છે, હવે અમારાથી તમારે કાંઈ પણ સ્વાર્થ નથી તે છતાં પણ તમે અમારા સરખા ભવ્ય જીવો ઉપર પરોપકાર કરો છો, વળી અદ્ભુત અતિશયવંત છો. એટલે તમારા અપાયાપગમન અતિશયવડે અમારાં પાપ—દુરિત, દુઃખ નાશ થાય છે. વળી તમારા વચનાતિશયવડે અમે અમારી ભાષામાં તમારાં વચન સહેજે સમજીએ છીએ. વળી તમારા જ્ઞાનાતિશયવડે અમોને અનાત્મથી ભિન્ન શુદ્ધાત્મના સ્વરૂપનું જ્ઞાન થાય છે. વળી તમારા પૂજાતિશય પસાયે અમે અમારા પૂજ્ય પરમપદને પામીએ એવી તમારી અતિશયાદિક તથા અષ્ટ મહાપ્રાતિહાર્યાદિ તથા અનંતજ્ઞાન કેવળજ્ઞાન દર્શનાદિકની ભાવ લક્ષ્મી છે. વળી તમે શુદ્ધાત્મસ્વરૂપના પ્રકાશ કરવાવાળા પૂર્ણ સહજ સમૃદ્ધિવંત છો માટે હે અનીલ પ્રભુ ! તમોને અમે સેવીએ. તમે અમોને સંસારદુઃખથી છોડાવવાવાળા અમારા નાથ છો. ત્રિલોકમાં ત્રણ કાળે તમારી જોડીનો કોઈ અન્ય હેતુ કહેતાં ઉપગારી નથી તેથી પ્રભુજી તમે થોકબંધ ભવિજીવોને પરમ આધાર છો. ( ૧ )

પર કારજ કરતા નહીં રે, સેવ્યા પાર ન હેત;
જે સેવે તનમય થઈ રે, તે લહે શિવ સંકેત. ॥ અ૦ ॥ ૨ ॥

સ્પષ્ટાર્થ:—પ્રભુજી ! તમે પર જીવ તથા પરપુદ્ગલ કાર્યના કર્તા નથી. અને તમને સેવનાર ભવિને નિશ્ચયથી તમે પાળવાવાળા કે રાખવાવાળા કે પાર પમાડવાવાળા નથી. પણ તમને જે તન્મય થઈ સેવે છે, તેને તમે જાણે સમસ્યાબંધ સલાહબંધ શિવ આપો એમ જણાય છે, પણ તેની સેવાનું તો પુરુષ શિવસુખ ફળ પામે છે એમાં કાંઈ શંકા નથી. ( ૨ )

કરતા નિજ ગુણ વૃત્તિતા રે, ગુણ પરિણતિ ઉપભોગ;
નિઃપ્રયાસ ગુણ વર્તતા રે, નિત્ય સકળ ઉપયોગ. ॥ અ૦ ॥ ૩ ॥

સ્પષ્ટાર્થ:—પ્રભુજી ! તમે તો સકળ સમય વિના પ્રયાસે નિજ ગુણ પ્રવૃત્તિના કર્તા છો. અને તમારે સ્વગુણ પરિણતિનો જ સકળ સમય ઉપભોગ છે. નિઃપ્રયાસે સહેજે ગુણ વર્તે છે, અને તેનો ઉપયોગ પણ તમારે સકળ સમય અખંડ છે. ( ૩ )

સેવ ભક્તિ ભોગી નહીં રે, ન કરે પરનો સહાય;
તેજ ગુણરંગી ભક્તના રે, સહજે કારજ થાય. ॥ અ૦ ॥ ૪ ॥

સ્પષ્ટાર્થ:—તમારી આજ્ઞા સેવવાવાળા તમારી સેવા—ભક્તિ કરે તેના તમે ભોગી નથી. અને તમે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સોળ સતીને છંદ

( લેખક:-શ્રી હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

( અનુસંધાન ૧૧૮ પૃષ્ઠથી )

**પદ્ય સંખ્યા**—પ્રસ્તુત કૃતિ ગુજરાતીમાં સત્તર કડીમાં રચાયેલી છે.

**વિષય**—આ કૃતિનું નામ જ કહી આપે છે તેમ આમાં આ મહાસતીઓની પ્રશંસા કરાઇ છે. ખાસ કરીને એમના શીયલની તારીફ કરાઇ છે. પહેલી કડીમાં કહ્યું છે કે સત્તર ઊઠીને સોળ સતીનાં નામ યાદ કરવાં. આમ કહી એક પછી એક સતીને ઉલ્લેખ એના સંક્ષિપ્ત પરિચયપૂર્વક અપાયો છે. એકંદર સોળ સતીઓ ગણાવવી જોઇતી હતી તેને બદલે અહીં સત્તર ગણાવાઇ છે, જો કે સોળમી કડીના અંતમાં અંતિમ સતી ગણાવતી વેળા "સોળમી સતી પદ્માવતીએ" એમ કહ્યું છે. આ એક વિલક્ષણ ઘટના ગણાય. એ સંબંધમાં આગળ ઉપર વિચાર કરાશે એટલે અહીં તો આ મહાસતીઓનાં નામ, એમને અંગે અપાયેલા સંક્ષિપ્ત પરિચયપૂર્વક હું કર્તાએ આપેલા ક્રમે રજૂ કરું છું:—

**બ્રાહ્મી**—આ બાલકુમારી છે, એ ભરતની બેન છે અને એ સોળ સતીમાં મોટી છે.

**સુંદરી**—આ બાહુબલિની બેન અને ઋષભદેવની પુત્રી થાય છે.

**ચંદનબાલા**—આ સતી બાળપણથી શીલવતી હતી; એણે શ્રમણ ભગવાન્ મહાવીરને બાકુલ વહોરાવ્યા હતા. એ સર્વજ્ઞ બની હતી.

**રાજીમતી**—આ ઉગ્રસેન( રાજા )ની અને ધારિણીની પુત્રી અને નેમિનાથની પત્ની થાય છે. એણે યુવાવસ્થામાં કામ ઉપર વિજય મેળવી દીક્ષા લીધી હતી.

---

પરની સહાય કરવાવાળા પણ નથી. પણ તમારા જ્ઞાનાદિક ગુણોમાં રંગી થઇ તમારી આજ્ઞા સેવે તે ભક્તોનાં સહજે કાર્ય સિદ્ધ થાય. ( ૪ )

**ક્રિયિા કારણ કાર્યતા રે, એક સમય સ્વાધીન;**
**વર્તે પ્રતિગુણ સર્વદા રે, તસુ અનુભવ લયલીન. ॥ અ૦ ॥ ૫ ॥**

**સ્પષ્ટાર્થ**:—તમારે અનેક ગુણોના કાર્યની ક્રિયા-કારણ અને કાર્યપણું પ્રતિ ગુણોનું દરેક સમયમાં સમકાલે તમારે પોતાને સ્વાધીન છે, તે અનુભવ રસ સ્વાદમાં તમે લયલીન છો. ( ૫ )

**જ્ઞાયક લોકાલોકના રે, અનીલપ્રભુ જિનરાય;**
**નિત્યાનંદ મયી સદા રે, દેવચંદ્ર સુખદાય. ॥ અ૦ ॥ ૬ ॥**

**સ્પષ્ટાર્થ**:—દેવચંદ્ર મુનિ કહે છે કે-અનીલપ્રભુ અગિયારમા, બારમા અને તેરમા ગુણઠાણાના સામાન્ય-જિનોમાં રાજા અને લોક અલોકના સકલ રૂપી અરૂપી દ્રવ્યગુણપર્યાયના ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રિકાલ પ્રવૃત્તિના જ્ઞાતા દ્રષ્ટા નિત્ય અખંડ પૂર્ણ સ્વતંત્ર અનંત આનંદમયી તથા સકલ જીવોને સુખના દાતાર છો. ( ૬ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**દ્રૌપદી**—આ પાંચ પાંડવની પત્ની અને દ્રુપદની પુત્રી થાય છે. એના શીયલના પ્રભાવથી ૧૦૮ ચીર પૂરાયાં હતાં.

**કૌશલ્યા**—આ દશરથ રાજાની પત્ની અને રામની માતા થાય છે.

**મૃગાવતી**—આ 'કૌશાંબિક'ના રાજા શતાનિકની પત્ની થાય છે. એની કીર્તિ સુરલોકમાં ગવાય છે.

**સુલસા**—એણે શિયલ પાળવામાં કચાશ રાખી ન હતી–એને વિષયરસમાં રસ ન હતો.

**સીતા**—આ રામચન્દ્રની પત્ની અને જનકની પુત્રી થાય છે. એના શીયલના પ્રતાપે અગ્નિ શીતળ થયો હતો.

**સુભદ્રા**—આ સતીના ઉપર (ચારિત્ર્ય સંબંધી) કલંક આવતાં એણે કાચા તાંતણે ચાળણી બાંધી એ વડે કૂવામાંથી પાણી કાઢ્યું હતું, અને એ પાણી છાંટી 'ચંપા'નું દ્વાર એણે ઉઘાડ્યું હતું.

**શિવા**—આ અખંડિત શીયળ પાળનારી સન્નારી મોક્ષે સિધાવી છે.

**કુંતા**—આ હસ્તિનાપુરના પાંડુરાજાની પત્ની, પાંડવોની માતા અને દશે દશાર્હની બેન થાય છે. એને પતિવ્રતા પદ્મિની કહી છે.

**શીલવતી**—આ શીયલ પાળનારી સન્નારી તે કોણ એ જાણી શકાય એવો કશો પરિચય અપાયો નથી. બાકી એનાં નામથી અને દર્શનથી પવિત્ર થવાય એ વાત અહીં કહેવાઇ છે.

**દમયંતી**—આ 'નિષધા' નગરીના (પુણ્યશ્લોક) નળની પત્ની થાય છે. એણે સંકટ સમયે પણ શીયળ સાચવ્યું હતું.

**પુષ્પચૂલા**—એણે કામદેવ ઉપર વિજય મેળવી એ જગતને પૂજ્ય બની હતી. આ સન્નારીનો પણ વિશિષ્ટ પરિચય અપાયો નથી.

**પ્રભાવતી**—આ સન્નારી માટે કશું વિશેષ કહેવાયું નથી.

**પદ્માવતી**—આને માટે પણ કોઇ વિશિષ્ટ વિધાન કરાયું નથી. એનો સોળમી સતી તરીકે અહીં નિર્દેશ છે, જો કે ઉપર પ્રમાણેની તમામ સતીઓ વિચારતાં તો એ સત્તરમી ગણાય.

**ક્રમ અને સંતુલન**—અહીં જે સતીઓનાં નામ ગણાવાયાં છે તે સતીઓ કંઇ સમકાલીન નથી. એ ભિન્ન ભિન્ન તીર્થંકરના સમયમાં થયેલી છે. જેમકે બ્રાહ્મી અને સુંદરી ઋષભદેવના સમયમાં, કૌશલ્યા અને સીતા મુનિસુવ્રતસ્વામીના તીર્થમાં, રાજીમતી અને દ્રૌપદી નેમિનાથના સમયમાં અને ચંદનબાલા મહાવીરસ્વામીના સમયમાં થયેલી છે. આ ઉપરથી જોઇ શકાશે કે અહીં કાલક્રમને લક્ષીને સતીઓનો નિર્દેશ કરાયો નથી. વળી શીયળની–બ્રહ્મચર્યની તરતમતા કે અન્ય કોઇ ગુણની તરતમતાને ધ્યાનમાં રાખીને પણ ક્રમ યોજાયો હોય એમ જણાતું નથી. જો એમ જ હોય તો આ ક્રમ શાને આભારી છે તે વિચારવું ઘટે. આનો ઉત્તર હું અત્યારે તો એ આપીશ કે એ ધર્મસૂરિના [1]મંગલસ્તોત્રના નિમ્નલિખિત તેરમા પદ્યને મોટે ભાગે અનુસરે છેઃ—

૧ આની વિ. સં. ૧૮૭૬ માં લખાયેલી હાથપોથી ઉપરથી આ જૈન સ્તોત્રસમુચ્ચય (પૃ. ૧–૩) માં છપાયું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કવિ શ્રી મોહનલાલજી લટકાળાકૃત–

# શ્રી નવમા સુવિધિનાથ જિન સ્તવન–સાર્થ

લેખક—પં. શ્રી રામવિજયજી ગણિવર્ય

અરજ સુણો એક સુવિધિ જિનેશ્વર, પરમ કૃપાનિધિ તુમે પરમેસર;
સાહિબા સુજ્ઞાની જોવો તો, વાત છે માન્યાની,
કહેવાઓ પંચમ ચરણના ધારી, કીમ આદરી મગર સ્વારી? સાહિબા. ૧

**ભાવાર્થ:**—હે શ્રી સુવિધિ જિનેશ્વર! એક મારી અરજી સાંભળો, હે પરમ કૃપાનિધિ પરમેશ્વર, હે સાહિબા સુજ્ઞાની પ્રભુ! આપ જુઓ તો, એક વાત માનવા જેવી છે. તે એ જ કે—આપ પાંચમા ચારિત્રવાળા કહેવાઓ છો. તે છતાં મગર-મત્સ્યની સવારી કેમ કરી?

**વિશેષાર્થ:**—હે પ્રભુ સુવિધિ જિનેશ્વર! હે કેવલજ્ઞાન ધારક પ્રભુ! આપ જુઓ તો એક વાત માનવા જેવી છે. તે એ જ કે આપ પાંચમા યથાખ્યાત ચારિત્રના રસિક છો. સર્વ પરિગ્રહથી રહિત છો. આપ નિરાલંબી છો. તે છતાં મગર-મત્સ્યની અસવારી કેમ કરી છે? તે વિરોધ રૂપ ભાસે છે. તાત્પર્ય એ છે કે–કવિ નરરત્ને કલ્પના કરી છે. તેમાં વિચારતાં પ્રભુ સુવિધિનાથ ભગવાનને મગરનું લંછન–છે અને તે પદ્માસનમાં હોય છે તેથી આ કલ્પના સુસ્થાનમાં યુક્તિસર છે. ॥ ૧ ॥

છો ત્યાગી શિવવાસ વસો છો, સુગ્રીવસુત રથ કેમ બેસો છો? સાહિબા૦
આંગી પ્રમુખ પરિગ્રહમાં પડશો, હરી હરાદિકને કિણવિધ નડશો? સાહિબા૦ ॥ ૨ ॥

---

" ब्राह्मी चन्दनबालिका भगवती राजीमती द्रौपदी,
कौशल्या च मृगावती च सुलसा सीता सुभद्रा शिवा।
कुन्ती शीलवती नलस्य दयिता चूला प्रभावत्यपि,
पद्मावत्यपि सुन्दरी दिनमुखे कुर्वन्तु वो मङ्गलम् ॥ १३ ॥ "

અહીં 'શીલવતી'ને વિશેષનામ ગણીએ તો સત્તર સતીનો નિર્દેશ છે અને જો એને વિશેષણ ગણીએ તો સોળનો ઉલ્લેખ ગણાય. પ્રથમ વિકલ્પ અનુસાર ૧૭ સતીનાં નામ નીચે મુજબ છે:—

(૧) બ્રાહ્મી, (૨) ચંદનબાલા, (૩) રાજીમતી, (૪) દ્રૌપદી, (૫) કૌશલ્યા, (૬) મૃગાવતી, (૭) સુલસા, (૮) સીતા, (૯) સુભદ્રા, (૧૦) શિવા, (૧૧) કુંતી, (૧૨) શીલવતી, (૧૩) દમયંતી, (૧૪) (પુષ્પ)ચૂલા, (૧૫) પ્રભાવતી, (૧૬) પદ્માવતી અને (૧૭) સુંદરી.

ઉપર્યુક્ત મંગલસ્તોત્રનું આઠમું પદ્ય, જે સકલાર્હત્ સામાન્ય રીતે તેત્રીસ પદ્યનું ગણાય છે તેના તેત્રીસમા અંતિમ પદ્ય સાથે અક્ષરશ: મળે છે. આ મંગલસ્તોત્રના કર્તાનો વિશેષ પરિચય કોઇ સ્થળે અપાયો હોય એમ જણાતું નથી, પણ એ "સોળ સતીનો છંદ" રચનાર ઉદયરત્નથી તો પ્રાચીન હશે એમ લાગે છે. કોણ જાણે કેમ મને એવો ભાસ થાય છે કે એઓ વિક્રમની પંદરમી કે સોળમી સદીમાં થયા હશે.

**ભરહેસર–બાહુબલિની સજ્ઝાય** પણ સતીઓનાં નામ પૂરાં પાડે છે. એ નામો અહીં આપણે મૂળ ક્રમે નોંધીશું જેથી પ્રસ્તુત છંદ વગેરેના ક્રમ સાથે એનું સંતુલન થઇ શકે. ( ચાલુ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ:**—હે પ્રભુ ! આપ મોક્ષ પુરીમાં વસો છો. તે છતાં હે સુગ્રીવ નરપતિપુત્ર ! રથનું વાહન કેમ સ્વીકારો છો ? વળી આંગી પ્રમુખ પરિગ્રહમાં પડશો તો હરિહરાદિ દેવોની સાથે ગુણ દોષની સ્પર્ધા કેવી રીતે કરી શકશો ? ॥ ૨ ॥

**વિશેષાર્થ:**—આપ મુક્તિ પુરીમાં વસો છો તે છતાં રથમાં બેસો, એ વાત વિરોધદર્શક અજાણતી કહેવાય. તેનું સમાધાન છે કે-રથ બે પ્રકારના છે. દ્રવ્યથી રથ કાષ્ઠ(લાકડા) વિગેરેનો હોય છે. ભાવથી આત્મા અઢાર હજાર શીલાંગ રથરૂપ ગુણનો હોય છે. તેથી પ્રભુ ભાવરથમાં બેસે છે, તે વાત યથાર્થ છે. આ વાતની સિદ્ધિ માટે " શ્રી અઠ્ઠાઇજ્જેસુ દીવસમુદ્દેસુ " સૂત્ર અર્થપૂર્વક વિચારવું તો સમાધાન સુલભ્ય થશે. વળી હે પ્રભુ ! આપ આંગીરૂપ પરિગ્રહમાં પડશો તો નિરાગી અને સરાગી દેવોમાં ભેદ નહિ રહે. કુદેવોના સાથે સ્પર્ધા કરી ગુણદોષનું પ્રથક્કરણ કેવી રીતે કરી શકશો ? આ વાતનું પણ સમાધાન યુક્તિસર કરાય છે. તે આ પ્રમાણે—પ્રભુની આંગી કરવી વિગેરે કરણી શ્રાવકોની છે. દ્રવ્ય કરણી તે ભાવ કરણીનું કારણ છે. તેમાં પ્રભુને કાંઇ લેવાદેવા નથી. જો એમ ન હોય તો પ્રભુની ભક્તિને અર્થે સમોવસરણ-અષ્ટ મહાપ્રાતિહાર્ય-ચામરનું વીંઝવું વિગેરે દેવ મનુષ્ય કેમ કરે ? આ બધી કરણી સેવક જનને લાભપ્રદ છે; સ્વામીને કાંઇ પ્રયોજન નથી.

> **દૂરથી સકલ સંસાર નિવાર્યો, કિમ કરી દેવદ્રવ્યાદિક ધાર્યો ?**
> **તજી સંયમને થાશો ગૃહવાસી, કુણ આશાતના તજશે ચોરાશી ? સાહિબા. ૩**

**ભાવાર્થ:**—પ્રથમ આપે સંસારને છોડી દીધો છે, તો દેવદ્રવ્યાદિ કિંમતી વસ્તુ કેમ ધારણ કરી ? વળી સંયમ તજીને ઘરવાસી થશો તો આપની ચોરાશી આશાતના કોણ કેવી રીતે તજશે ? આ બધો વિરોધ વિચારવો.

**વિશેષાર્થ.**—હે પ્રભુ ! આપે સંસારને નિવાર્યો તે છતાં દેવદ્રવ્ય જિન-મંદિરમાં અનેક જાતનાં રમ્ય ચિત્રપટો-હાર તોરણો-વિગેરે કેમ ધારણ કરાય છે ? વળી એવી રીતે પરિગ્રહ રાખી સંયમ તજી ઘરવાસી થશો તો ચોરાશી આશાતના આપની કોણ તજશે ? એ બધી વાતનું સમાધાન પણ ઉપર કહેલી યુક્તિથી કરવું સુલભ છે. દેવ-દ્રવ્યાદિ સાચવણી શ્રાવકો કરે છે-ભાવભક્તિનું સાધન છે. તેમાં પણ વીતરાગદેવને લેવાદેવા નથી. રાગ દ્વેષ નથી. એ કરણીનો સંબંધ સેવાભાવી શ્રાવક જનોને છે. એવા વાતાવરણથી શ્રાવકોની દ્રવ્ય તથા ભાવ સેવાથી આપનું સંયમ સચવાય છે અને આપની ચોરાસી આશાતના સમકિતની શુદ્ધિને માટે શ્રાવકો તજે છે, તે યુક્તિસર છે. ૩

> **સમકિત મિથ્યામતમાં નિરંતર, ઇમ કિમ ભાંજશે પ્રભુજી અંતર ?**
> **લોક તો દેખશે તેહવું કહેશે, ઇમ જિનતા તુમ કિણવિધ રહેશે ? સાહિબા. ૪**

**ભાવાર્થ:**—આવા વાતાવરણથી મિથ્યાત્વ અને સમકિતમાં અંતર કેમ ભાંગશે ? વળી લોક તો દેખશે તેહવું જ કહેશે. એવું થતાં તમારી જિનતા કેવી રીતે ટકી શકશે એ વિચારણીય છે. ૪.

**વિશેષાર્થ:**—હે પ્રભુ ! આવા વાતાવરણવાળી દ્રવ્ય તથા ભાવથી સેવા કરતાં લૌકિક દ્રષ્ટિએ મિથ્યાત્વ અને સમકિતમાં અંતર કેમ ભાંગશે ! વળી લોકોત્તર પ્રવાહ કરતાં લૌકિક પ્રવાહનું ખેંચાણ ઘણું જ અનિવાર્ય છે. વળી લોકો તો દેખશે તેવું કહેશે. જગતની જીભને આપણે અટકાવી શકીએ નહિ, તેથી આપની જિનતા ( રાગદ્વેષ રહિતપણાની અવસ્થા ) કેમ કરી જળવાશે ? તેનું પણ સમાધાન ઉપરની કડીઓના ભાવાર્થમાં બતાવેલું છે. યુક્તિસર વિચારાશે તો સમકિત અને મિથ્યાત્વનું પણ અંતર સમજાશે અને લૌકિક સમજણ તજી લોકોત્તર સમજણ હાથમાં ધરવામાં આવશે, તો પ્રભુની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગદ્વેષપણાની રહિત અવસ્થા જળવાઈ રહેશે. આ બધી દ્રવ્ય કરણી શ્રાવકોની ભાવવર્ધક હોવાથી સુસ્થાનમાં છે. ૪.

**પણ હવે શાસ્ત્રમતે મતિ પહોંચી, તેહથી મેં જોયું ઊંડું આલોચી;**
**ઇમ કીધે તુમ પ્રભુતાઈ ન ઘટે, સાહસું ઇમ અનુભવ ગુણ પ્રગટે. ૫**

**ભાવાર્થ:**—હવે મને શાસ્ત્રદૃષ્ટિથી મતિ પહોંચી, તેથી મેં ઊંડું વિચારપૂર્વક જોયું, એવી રીતે કરવાથી પ્રભુની પ્રભુતાઈ ઘટતી નથી અને દિનપ્રતિદિન ગુણ પ્રગટે છે. ૫.

**વિશેષાર્થ**:—હે પ્રભુ! હવે મારી શાસ્ત્ર મતે બુદ્ધિ પહોંચી, વળી મેં ઊંડા તર્કો કરી વસ્તુસ્વરૂપ યથાર્થ મેળવવા માટે "અમાપ" પ્રયત્ન કર્યો. તેથી દેવદ્રવ્ય વિગેરેનો સંચય શ્રાવક ઉચિત કરણીરૂપ હોવાથી, પ્રભુની પ્રભુતાઇમાં વિરોધદર્શક થતો નથી. અને આવા પ્રકારની જળ ચંદનાદિ દ્રવ્ય પૂજા આંગી–આરતિ–મંગળ દીપક–સ્વસ્તિક–ફલાદિ પૂજા સામગ્રી દેવદ્રવ્ય, લક્ષ્મી વિગેરે ભાવપૂજામાં આત્મ-ગુણમાં વૃદ્ધિ કરવારૂપ અને સાધ્ય પ્રાપ્ત કરવામાં મદદગાર હોવાથી સેવક જનને અનુભવ ગુણો પ્રગટાવે છે. પરિણામે મોક્ષદાતા બને છે. ॥ ૫ ॥

**હય ગય યદપિ તું આરોપાયે, તો પણ સિદ્ધપણું ન લોપાએ;**
**જિમ મુગટાદિક ભૂષણ કહેવાએ, પણ કંચનની કંચનતા ન જાએ. ૬**

**ભાવાર્થ:**—હે પ્રભુ! આપ ઘોડા અને હાથી ઉપર સ્વારી કરો છો, તો પણ તમારું સિદ્ધપણું લોપાતું નથી. દૃષ્ટાંત આપી કહે છે કે–જેમ સુવર્ણના મુકુટ આદિ અનેક અલંકારો કરાવવામાં આવે તો પણ સુવર્ણની સુવર્ણતા જતી નથી.

**વિશેષાર્થ:**—હે પ્રભુ! આપ ઘોડા અને હાથી ઉપર સ્વારી કરો છો, તે છતાં આપનું મુક્તિપદ લોપાતું નથી. આ વાત વિરોધદર્શક છે, છતાં સમાધાન આ પ્રમાણે કરવામાં આવે છે. "અશ્વ અને હાથી" પશુ જાતિના છે. તેના ઉપર બેસી સંસારી જીવો ગમન કરે છે. પરન્તુ જ્ઞાનરૂપી અશ્વ અને હાથીરૂપી શુક્લધ્યાન વિગેરે ઉપર પ્રભુ આત્મરમણતારૂપી પ્રગતિ કરે છે તેથી વિરોધ નષ્ટ થાય છે અને પ્રભુનું મુક્તિપદ ત્રિકાલ સ્થાયી–સ્થિર રહે છે. વળી એક બીજું દૃષ્ટાંત આપી આ જ વિચારને પુષ્ટ બનાવે છે. જેમકે; સોનું હોય તેના કડા, વીંટી, કંદોરા, કંઠી, સાંકળા, સાંકળી વિગેરે અલંકારો બનાવવામાં આવે તે છતાં સોનામાંથી સોનાપણું નષ્ટ થતું નથી એવી રીતે દૃષ્ટાંતોનો ઉપનય ઘટાવવો. ॥ ૬ ॥

**ભક્ત કરણી દોષ ન તુમને, અઘટિત કહેવું અયુક્ત તે અમને;**
**લેપાએ નહિ તું કોઈથી સ્વામી, મોહનવિજય કહે શિર નામી. ॥ ૭ ॥**

**વિશેષાર્થ:**—ઉપર કહેલી પ્રશસ્ત સાવદ્ય કરણી ભક્તજનની કહેવાય છે, તેથી પ્રભુને તેમાં કાંઈ લેવાદેવા નહિ હોવાથી દોષ નથી; કારણ કે પ્રભુ તો નિષ્ક્રિય છે તેમજ અયોગી અવસ્થા છે. આરંભ બે પ્રકારના છે. એક શુભ આરંભ અને બીજો અશુભ આરંભ. આ શુભ આરંભ પુન્ય પ્રકૃતિ બંધક છે. સાચા સાધ્યમાં સાધનરૂપ છે. સાચા કાર્યમાં કારણતારૂપ છે. પરિણામે મોક્ષની પ્રાપ્તિમાં બાહ્ય ટેકારૂપે બને છે. હવે સેવક કહે છે કે–અઘટિત કહેવું તે અમને ઉચિત નથી. કદાચ શબ્દમાં બરાબર ઉચિતતા ન જળવાય, તો પણ પ્રભુની ભક્તિ પ્રત્યેના અનુરાગથી ઓળંભા રૂપે કહેવાય છે. વળી હે પ્રભુ! આપ કોઇનાથી લેપાતા નથી. આવા ભક્તિરસના ઉદ્ગારો કાઢી મસ્તક નમાવી સ્તવન રચયિતા કવિનરરત્ન મોહનવિજયજી વિરમે છે. ॥ ૭ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ-કૌશલ્ય

( લેખક—સ્વ૦ મૌક્તિક )

## આપણે સ્વર્ગ-મોક્ષ નજીક તેટલા જ છીએ જેટલા આપણે સ્વથી દૂર હોઇએ અને પાપી દુનિયાના સ્વીકારથી દૂર હોઇએ.

એ વાત ખરી છે: આપણો ઇરાદો અવ્યવસ્થિત રીતે સ્વર્ગ કે મોક્ષ મેળવવાનો છે. સ્વર્ગ કે મોક્ષ કોને મળે તેનો અહીં વિચાર થાય છે તે બહુ ઉપયોગી છે અને તેને અનુસરતો આપણે ખ્યાલ કરવાનો છે. એક તો પોતાનો વિચાર ન આવે તેને સ્વર્ગ કે મોક્ષ નજીક છે, એટલે એના મનમાં જનતા માટેના જ વિચારો આવે, અને સ્વ કે સ્વીયના વિચારથી પ્રાણી અળગો રહે. સ્વના વિચારમાં હું નહીં હોઉં ત્યારે આ મારા સ્વીય માનેલા છોકરા છોકરીનું શું થશે એવી વિચારણા આવે છે. અને જાણે મારી વગર દુનિયા કેમ ચાલશે ? એમ તેને લાગે છે. તેણે જાણવું ઘટે કે તે નહોતો તે દિવસ દુનિયા ચાલતી હતી અને તે નહિ હોય તે દિવસ પણ ચાલવાની છે. અને ગાડા નીચેના કૂતરા માફક આ દુનિયાનો ભાર ઉપાડવાનો દાવો કરવો તેની કોઇ પ્રકારની અક્કલ નથી. આવી રીતે સ્વને પણ ભૂલી જાય અને સ્વીયને પણ ભૂલે તો તેનું નિર્મળ આરિસા દર્શન પસંદ કરવા લાયક બને છે. પછી તેની નજરે પોતાનાં કે પારકાં રહેતાં નથી અને જ્યાં દુનિયા સાથે સગપણ જોડાઇ જાય ત્યાં એને કોઇ પરાયું લાગતું નથી. એ વિચાર અતિ આવકારદાયક અને ઇષ્ટ છે એમાં જરાએ શંકા જેવું નથી. અને ગૂંચવણ જેવું પણ કાંઇ નથી.

અને પાપી દુનિયાના વિચારથી દૂર થાય તેને સ્વર્ગ કે મોક્ષ નજીક છે. એમાં પ્રાણી જ્યારે દુનિયાને જુએ છે ત્યારે તેની પૌદ્‌ગલિક ભોગોપભોગવૃત્તિ જાગે છે અને પછી તો તેની પરંપરા ચાલે છે. એની નજરમાં સ્થૂળ દુનિયા જ રહે છે અને દુન્યવી ચીજો જ રહે છે. એ જાગતો હોય છતાં નાકે ઘસઘસાટ ઊંઘે છે એમ જ્ઞાનીને લાગે તો નવાઇ નહિ ! કારણ કે ક્ષણિક વસ્તુને એ ચિરસ્થાયી માને છે અને દુનિયાના રંગમાં એ પલટાઇ જાય છે અને પછી તો એ અનેક નાચો નાચે છે અને ચેનચાળા કરે છે તે સમજુની નજરે હાસ્યકર બની જાય છે. આવી પાપી દુનિયાનો એ તરમાળો—નાટકકાર બને છે અને વિના કારણ હેરાન થાય છે. એની દુનિયા તો આ રીતે પાપી છે, અને તેનાથી જેટલો તે દૂર છે તેટલો સ્વર્ગ કે મોક્ષની તે નજીક છે, કારણ માન્યતાની દુનિયામાં એની કાંઇ કારી લાગતી નથી, ધાર્યું થતું નથી અને લીધેલી તકરાર માથે પડે છે. એથી દૂર જવાય તેટલા જાઓ અને ખરી વસ્તુ ધર્મ ઓળખો, એ આખા વિચારનો સાર છે.

ધર્મિષ્ઠ માણસ તેટલા માટે સ્વ કે સ્વીયથી દૂર રહે અને આત્માને ઓળખી આ પાપી દુનિયાથી દૂર રહે અને જાતને તારે. બાકી બીજાનું શું થશે એવા વિચારમાં રહે નહિ અને બાકીનો કંટ્રાક્ટ લીધો નથી એમ જાણે.

---

We are as near to heaven as we are far from self, and far from the low of a sinful world.
—*Buthar ford.*



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુભાષિત સંગ્રહ

લેખક—સુધાકર.

( ગતાંક પૃષ્ઠ ૧૨૮ થી શરૂ )

દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવંતના ચરણકમલોની ઉપાસના કર્યા છતાં યદિ મારા કાર્યની અભિષ્ટ સિદ્ધિ ન થાય તો પછી બીજા દેવના આરાધનથી મારું કાર્ય શી રીતે સિદ્ધ થાય ? ન જ થાય. તેથી હું શ્રી તીર્થંકરદેવ સિવાય બીજા દેવની આરાધના નહિ જ કરું આ પ્રમાણે વચનથી દૃઢ પ્રતિજ્ઞા કરવી એ વચનશુદ્ધિ છે.

જે છેદાતો, ભેદાતો, પીડાતો કે બળતો હોય છતાંયે શ્રી જિનેશ્વરદેવ સિવાય બીજા દેવને કાયાથી—શરીરથી નમે નહિં તે કાયશુદ્ધિ કહેવાય છે.

અહીં ગ્રંથકાર મહાત્માએ નિશ્ચય અને વ્યવહારથી સમ્યક્ત્વની પ્રાપ્તિ અને શુદ્ધિનો સરલ—સુલભ માર્ગ ચિંધ્યો છે. જેના મનમાં જિનમતની લય લાગી છે, જેના મનમાં શ્રી જિનેશ્વર ભગવંતના મત—આજ્ઞા પ્રતિ દૃઢ શ્રદ્ધા છે—આજ્ઞા પાલન પ્રતિ અખંડ રમણતા લાગી છે તેના મનની શુદ્ધિ પવિત્રતા થાય જ એમાં સંદેહ નથી. સાચી માનસિક શુદ્ધિ જ એ છે કે જેને જિનેશ્વરભગવંતના મત—દર્શન ધર્મ સિવાય બધું અસાર—ક્ષણિક—અનિત્ય અને નશ્વરમાત્ર છે. આવું જાણનાર મંગલમય આત્મધર્મનો પ્રકાશ પામે તે સહજ જ છે. આવું જાણનાર મુમુક્ષુને જડ અને ચેતનનો ભેદ સમજાય જ છે. આત્માની વિભાવ દશાનું સ્વરૂપ સમજી તેને હેય ગણી ત્યાગ કરે અને સ્વભાવદશા આત્મસ્વરૂપ યથાર્થ રીતે સમજી મનથી સત્ય સ્વીકારે એ ખરેખરી મનઃશુદ્ધિ છે.

આવી જ રીતે વચનશુદ્ધિનું પણ સમજવાનું. જેના મનમાં જિનમતનું રમણ છે તે વચનથી પણ દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવંત સિવાય બીજાનું શરણ નહિં જ સ્વીકારે. અરે ! તીર્થંકર ભગવંતની આજ્ઞાનુસાર જ સત્યં હિતં મિતં પથ્યં જ બોલશે. કદીયે અસત્ય અહિત—કે અપથ્ય નહિં જ ઉચ્ચારે. આત્મસ્વરૂપી દશાને પ્રાપ્તિના સાધનરૂપ જ વાણી વાપરશે. એ વાણીને પરરૂપ જડરૂપ જાણવા છતાં તેનો સાધનરૂપે જરૂર ઉપયોગ કરશે અને જિનેશ્વરની વાણીમાં આત્મસ્વરૂપ સમજી **सोऽहं सोऽहं अर्हं अर्हं** નો જાપ ઉચ્ચારતો વચનમાં શ્રી તીર્થંકર ભગવંત સિવાય બીજું કોઇ મારે શરણભૂત નથી એ જ ઉચ્ચારશે.

કાયશુદ્ધિ પણ એ તે રીતે જ કરશે. આ દેહને ક્ષણિક—વિનશ્વર અને નાશવંત માનતો હું તે નથી, આવું દૃઢપણે માનતો શરીરની ગમે તેવી અવસ્થામાં પણ છેદન—ભેદન—તાડન—પીડન—જ્વલન અવસ્થામાં પણ આ શરીર શ્રીદેવાધિદેવ સિવાય બીજાને નહિં જ નમે; આ છે સાચી કાયશુદ્ધિ. આવી કાયશુદ્ધિવાળો મુમુક્ષુ આત્માનંદ—નિજાનંદનું સ્વરૂપ સમજી કાયાથી કદીયે અકાર્ય—અધર્મ—અસદાચરણ નહિં જ કરે. એ પવિત્ર થયેલી કાયાથી—કાયશુદ્ધિથી—વીતરાગ ભગવંતે પ્રરૂપેલી સમ્યક્ત્વ શુદ્ધિની સાધનરૂપ ક્રિયાનું જ આરાધન કરશે. શ્રીજિનદર્શન—પૂજન—સામાયિક—સદ્ગુરુસેવન—સદાચરણ—પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયાઓ જ કરશે અને એ જ કાયશુદ્ધિ કરતો આત્મિકશુદ્ધિનાં સાધનો મેળવતો પરમાત્મસ્વરૂપ મેળવવા મથશે.

એટલે દરેક મુમુક્ષુ ભવ્યપ્રાણી માનસિક—વાચિક—અને કાયિકશુદ્ધિ પ્રાપ્ત કરે એ બનવાજોગ જ છે અને આ બધાં સમ્યક્ત્વશુદ્ધિનાં **अविप्रमाद् वा**—સમ્યક્ત્વપ્રાપ્તિનાં સાધન ગણી સાધ્યમાર્ગે આગળ ને આગળ પ્રગતિ કરતો વિકાસ સાધતો ધ્યેયની સિદ્ધિ—ધ્યાતા—ધ્યેય અને ધ્યાનના ભેદ ટાળી અભેદ દશા પામશે જ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યાપારનીતિશતક

લેખકઃ—શ્રી અમરચંદ માવજી શાહ

૭૬ સ્વાર્થી મનોભાવનામાં જ અનીતિના અંકુરો છુપાયેલા પડ્યા છે. નિઃસ્વાર્થ ભાવે નિષ્કામ કર્મ કરનારાઓને ઐહિક સુખ તો મળે છે પણ અલૌકિક સુખની પણ પ્રાપ્તિ થાય છે, પરંતુ તૃષ્ણામાં ફસાયેલા આત્માઓને એ રાહ ગમતો નથી અને દુઃખી થાય છે.

૭૭ હિંસા, અસત્ય, ચોરી, કુશીલતા અને પરિગ્રહ એ પાંચે પાપ દુર્ગતિના કારણ છે, સંસાર વધારનાર છે અને તે આધ્યાત્મિક દૃષ્ટિએ અનીતિ જ છે. કોઇ પણ જીવને દુઃખ દેવું, મન પણ દુઃખવવું, મારવું વગેરે હિંસા કરવી તે અનીતિ જ છે.

૭૮ જૂઠું બોલવું—પોતે સત્યરૂપ છતાં અસત્યમય થવું તે પણ અનીતિ જ છે. પરવસ્તુ પોતાથી ભિન્ન છે તે આત્માને મોહ પમાડી ગ્રહણ કરવાની વૃદ્ધિ કરવી તે પણ અનીતિ જ છે તેજ મુજબ કુશીલતા સેવવી, એ પણ અક્ષમ્ય અનીતિ છે.

૭૯ પરિગ્રહથી જ આ આત્માને બંધન છે. એવા પરિગ્રહને ગ્રહણ કરવો તે પણ અનીતિ છે. સંસારમાં આવશ્યક સાધનોનો ઉપયોગ નિષ્કામભાવે કરવાથી સૌને જરૂર પૂરતો મળી રહે પણ તૃષ્ણાથી વધુ ને વધુ ઇચ્છાઓ કરવાથી દુઃખદાયક થાય છે.

૮૦ અનીતિમાંથી આ નીકળી જાય ને હિંસાને ભાગી જાય તો અહિંસા અને નીતિનું સામ્રાજ્ય સારા સંસારને આનંદ, પ્રેમ ને શાંતિમાં રાખી સુખપૂર્વક જીવન વ્યતીત કરાવે છે.

૮૧ જ્યાં આધ્યાત્મિકતા છે, નૈતિકતા છે, ત્યાં સમાજ ગૌરવવાળો છે. એ સમાજ અરસપરસ ચાહનાવાળો, સર્વને સુખદાયક, ધર્મ, અર્થ, કામ ને મોક્ષ ચારે પુરુષાર્થને સાધવાવાળો છે. ત્યાંથી જેનાં નેત્રો સમભાવભર્યાં છે તેની નીતિનું તિલક સત્યથી પ્રકાશી રહે છે.

૮૨ આપણો દેશ, આપણી સંસ્કૃતિ આધ્યાત્મિક છે; માત્ર લૌકિક સુખોપભોગમાં જ જીવનની સાર્થકતા છે એમ આપણે માનતા નથી પરંતુ પાશ્ચાત્ય સંસ્કૃતિના જડવાદી ઝંઝાવાતમાં આપણું આધ્યાત્મિક અધઃપતન થયું છે. આપણી નીતિને ઝાંખી કરી છે.

૮૩ આપણો વ્યવહાર અને વ્યાપાર આપણી આંટ ઉપર ચાલતો. મૂછનાં વાળની કીંમત હતી, આબરૂનાં અશ્રુના બિંદુની કીંમત હતી અને તેની ઉપર લાખો રૂા. ના આપલે કરી શકતો અને પોતાનો મોભો સાચવી શકતો એવી નીતિ હતી.

૮૪ અત્યારે આપણે પાઘડી ફેરવતાં શરમાતાં નથી, લેણદારને નવરાવી નાંખતા વાર લગાડતાં નથી. આવા દુષ્ટ માનસમાં વ્યાપારી આંટ ક્યાંથી જળવાઇ રહે અને અરસપરસ વિશ્વાસ ક્યાંથી ટકી રહે? વધુમાં કાયદાનો પણ તેને ટેકો છે.

૮૫ બીજાની આબરૂ લેવી એ પણ અનીતિ છે. સામાની પરિસ્થિતિ અને સંજોગ જોઇ તે માણસની મુશ્કેલીમાં હીંમત આપવી તો દૂર રહી પણ તેને દીવાળાને માર્ગે ધકેલી જવો અને પછાડી દેવો એ પણ એમાં જવાબદાર છે.

૮૬ આપણા બાળકોને કુટુંબનું ભરણપોષણ ચલાવવામાં પણ મુશ્કેલી હોય અને આપણે મોજ-



For Private And Personal Use Only

શોખમાં ચા–બીડી–પાન–નાટક–સિનેમા વિગેરેમાં પૈસા ખરચતા પાછું વાળીને ન જોઇએ અને કુટુંબ ભૂખમરો વેઠે તે પણ મહાઅન્યાય છે.

૮૭ આપણે આપણું કર્તવ્યપાલન કરવું એ જ ધર્મ છે. કોઇને દુઃખ દેવું, મારવું, રીબાવવું, વચનના બાણથી ઘાયલ કરવું, દ્વેષ ઇર્ષ્યા કરવી, અદેખાઇ કરવી, બીજાનું સારું જોઇ પોતે બળવું અને તેને દબાવવા પ્રયત્નશીલ રહેવું એ પણ પાપ છે.

૮૮ સૌ સૌના કર્મઅનુસાર સુખ–દુઃખ પ્રાપ્ત કરે છે, ધન–વૈભવ મેળવે છે. જેને આવો વૈભવ મળ્યો હોય તેણે દુઃખી જીવો પ્રત્યે અનુકંપા રાખી તેઓનું દુઃખ દૂર થાય તેમ ધનનો વ્યય કરવો જોઇએ. આ ધનવાનોની નીતિ ગણાય.

૮૯ જે શક્તિને છુપાવે છે, ધનનો સંગ્રહ કરે છે, પોતે પણ વાપરતો નથી અને દયા–દાન પણ કરતો નથી તે માત્ર ધનનો પિતા છે, ધનનો પતિ નથી. ભાગ્યવંત ભિખારી છે. ઉડાઉપણું એ ઉદારતા નથી, કંજુસાઇ એ કરકસર નથી.

૯૦ ધનવાનો જો મૂડીવાદના પંજામાં સપડાઇ જાય તો સમાજમાં અંધાધુંધી ફેલાય, અને એ અંધાધુંધીમાં ધનવાનો પણ સપડાઇ જાય. ધનને વહેતાં ઝરણાં માફક વહેતું રાખવું જોઇએ; નહિતર જેમ ખાબોચિયું ગંધાઇ જાય તેમ ધનનું થાય.

૯૧ દેશહિતનાં સામુદાયિક કાર્યોમાં, સમાજહિતનાં સામુદાયિક કાર્યોમાં, વ્યક્તિહિતમાં, દુઃખીઓની સેવામાં અનેક શુભ કાર્યોમાં શક્તિ મુજબ ધન આપવાથી પોતે પુન્ય કમાય છે અને પુન્યનું ચક્ર ગતિમાન રહે છે.

૯૨ અત્યારે વ્યાપારને નામે, વિજ્ઞાનના નામે ક્રૂરતાભરી કતલ ચાલે છે, ચામડાના વ્યાપાર માટે જીવતી ગાયો ને બકરીઓનાં ગર્ભ પાડીને તે ચામડાંનો ભારતમાંથી વ્યાપાર થાય છે. આ હિંસાની પરાકાષ્ટા છે.

૯૩ આવા ધિક્કાર યુક્ત કતલનાં વ્યાપારને વ્યાપાર કહેતાં પણ પાપ લાગે છે. આર્યસંસ્કૃતિમાં આવી ક્રૂરતા ક્યાંથી આવી? આવા પાપમય વ્યાપારને અને વ્યાપારીઓને લાખો ધિક્કાર છે.

૯૪ ભારતની ઉન્નતિ નીતિના પાયા ઉપર નિર્ભર છે. આપણું નૈતિક અધઃપતન થયું છે. સમાજમાં નીતિનું ધોરણ તળીયે બેઠું છે. વાતવાતમાં અસત્ય, અનીતિ અને અન્યાયનાં દર્શન થાય છે. હે અધોગતિ!

૯૫ આપણા સમાજજીવનની જરૂરીયાતો–ભાવ વધારાનાં લોભે પરહદમાં પહોંચાડી દેવી અને અછતનો વાવટો ફરકાવી, પ્રજાને મુશ્કેલીમાં ગરકાવ કરવી અને ભાવોને પરાકાષ્ઠાએ પહોંચાડી પ્રજાને નિચોવવી એ કઇ જાતની નીતિ?

૯૬ જે દેશમાં સમભાવના હશે, સત્ય હશે, ન્યાય હશે, નીતિ હશે, ભ્રાતૃભાવ હશે, સેવાવૃત્તિ હશે, જેઓ પાપ પુન્યમાં માનનારા હશે, આત્મવાદી હશે, એ દેશ જ દુનિયા ઉપર પ્રકાશિત ગણાશે.

૯૭ જ્યાં ઉપરની વસ્તુઓ નહિ હોય ત્યાં સદાય અંધકાર ( black out ) છવાયો હશે. દેશને ઊંચો લાવવા ગમે તેટલા ભલા પ્રયાસો કરવામાં આવે, યોજનાઓ કરવામાં આવે પણ જ્યાંસુધી નીતિ નથી ત્યાંસુધી વિજય નથી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્થિતપ્રજ્ઞ પુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીની પવિત્ર વિચારશ્રેણિ

## પરિગ્રહ

પરિગ્રહની મૂર્ચ્છા પાપનું મૂળ છે. જે પ્રાણીને પરિગ્રહની મર્યાદા નથી, તે પ્રાણી સુખી નથી. તેને જે મળ્યું તે ઓછું છે. પરિગ્રહની પ્રબળતામાં જે કંઈ મળ્યું તેનું સુખ તો ભોગવાતું નથી, પરંતુ હોય તે પણ વખતે જાય છે.

પરિગ્રહથી નિરંતર ચળવિચળ અને પાપભાવના રહે છે. અકસ્માત યોગથી એવી પાપભાવનામાં આયુષ્ય પૂર્ણ થાય તો બહુધા અધોગતિનું કારણ થઈ પડે.

કેવળ પરિગ્રહ તો મુનિઓ ત્યાગી શકે, પણ ગૃહસ્થો એની અમુક મર્યાદા કરી શકે. મર્યાદા થવાથી વિશેષ પરિગ્રહની ઉત્પત્તિ નથી અને એથી કરીને વિશેષ ભાવના પણ બહુધા થતી નથી. અને વળી જે મળ્યું છે, તેમાં સંતોષ રાખવાની પ્રથા પડે છે. એથી સુખમાં કાળ જાય છે.

ધર્મ સંબંધી કેટલુંક જ્ઞાન છતાં, ધર્મની દૃઢતા છતાં પણ પરિગ્રહના પાશમાં પડેલો પુરુષ કોઈક જ છૂટી શકે છે, વૃત્તિ એમાં જ લટકી રહે છે; પરંતુ એ વૃત્તિ કોઈ કાળે સુખદાયક કે આત્મહિતૈષી થઈ નથી.

આરંભ અને પરિગ્રહનો જેમ જેમ મોહ મટે છે, જેમ જેમ તેને વિષેથી પોતાપણાનું અભિમાન મંદ પરિણામને પામે છે, તેમ તેમ મુમુક્ષુતા વર્ધમાન થયા કરે છે. અનંતકાળના પરિચયવાળું એ અભિમાન પ્રાયે એકદમ નિવૃત્ત થતું નથી. એટલા માટે તન, મન, ધનાદિ જે કંઈ પોતાપણે વર્તતા હોય છે, તે જ્ઞાની પ્રત્યે અર્પણ કરવામાં આવે છે. જ્ઞાની કંઈ તેને ગ્રહણ કરતાં નથી, પણ તેમાંથી પોતાપણું મટાડવાનું ઉપદેશે છે અને કરવા યોગ્ય પણ તેમ જ છે કે, આરંભ પરિગ્રહને પોતાનાં થતાં અટકાવવાં.

લોભથી તૃણનો પણ સ્પર્શ કરવો નહિ. સંયમની રક્ષા અર્થે જે કાંઈ રાખવા પડે છે, તેને પરિગ્રહ ન કહેવો; પણ મૂર્ચ્છાને પરિગ્રહ કહેવો, એમ પૂર્વ મહર્ષિઓ કહે છે. તત્ત્વજ્ઞાનને પામેલા મનુષ્યો તેટલો પરિગ્રહ માત્ર રાખે. બાકી પોતાના દેહમાં પણ મમત્વ આચરે નહિ.

---

૯૮ દરેક પ્રજાજનની નસેનસમાં દેશહિત, સમાજહિત વહેતું નહિ થાય, બીજાનું નુકશાન તે પોતાનું જ નુકશાન એ સમજવામાં નહિ આવે ત્યાં સુધી આ અંધાધુંધીનો અંત આવવાનો નથી. નીતિનું શિક્ષણ આપો.

૯૯ વ્યાપારી બંધુઓ તમો તો સમાજની સાંકળ છો. તમારી સેવાથી જ સમાજ ઊંચે આવશે. તમારા હૃદયમાં નીતિનો સૂર્ય જે દિવસે પ્રકાશિત થશે તે જ દિવસે ભારતવર્ષમાંથી અંધાધુંધીરૂપ અંધકારનો અંત આવશે.

૧૦૦ આ વ્યાપાર નીતિસર્જક સમસ્ત સમાજને નીતિનો પૂલ બાંધવા અને ન્યાયની સડક બાંધવા સત્યની પાળો પ્રગટાવવા માર્ગદર્શક બનો ! સમાજજીવનને એ પ્રકાશ દ્વારા આધ્યાત્મિક શાંતિ મળો.

નીતિ ધર્મ જગમાં વડો, નીતિ નાવ સંસાર;
નીતિથી ચાલે બધો, જગતણો વ્યવહાર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સોનેરી સુવાક્યો

હે જિનેન્દ્ર! આપનું દર્શન થવાથી આજે મારા મોહપાસ છેદાઈ ગયા છે. મારા રાગાદિ શત્રુઓ જિતાઈ ગયા છે. અને મને મોક્ષનું સુખ પ્રાપ્ત થયું છે.

હે નાથ! આપના દર્શન થવાથી આજે મારા શરીરમાં રહેલો મિથ્યાત્વ અંધકાર હણાઈ ગયો છે અને જ્ઞાન સૂર્ય ઉદય પામ્યો છે.

શ્રી જિનેશ્વર દેવના દર્શનથી પાપનો નાશ થાય છે. વન્દનથી વાંછિત ફળ મળે છે અને પૂજવાથી સર્વ સમૃદ્ધિ મળે છે.

હે કૃપાળુ! આપના દર્શનથી આજે મારા કર્મનો સમૂહ નાશ પામ્યો છે અને હું દુર્ગતિથી નિવૃત્ત થયો છું.

વિપત્તિઓ સાચી વિપત્તિ નથી. અને સંપત્તિઓ સાચી સંપત્તિ નથી. શ્રી વીતરાગ દેવનું વિસ્મરણ એ જ વિપત્તિ છે અને વીતરાગ દેવનું સ્મરણ એ જ સંપત્તિ છે.

---

## તપ

તપવડે કરી કર્મઓઘને બાળીને ભસ્મીભૂત કરી નખાય છે. તપના બાર પ્રકારોમાં અનશન, ઊણોદરી, રસપરિત્યાગ, કાયક્લેશ વિગેરે બાહ્ય તપ છે; અને પ્રાયશ્ચિત્ત, વિનય, શાસ્ત્રપઠન, ધ્યાન એ અભ્યંતર તપ છે.

કોઈ સ્ત્રી ગમે તેટલા કષ્ટથી તપશ્ચર્યા કરી પોતાના પતિને રીઝવવા ઇચ્છે તો પણ જ્યાં સુધી તે સ્ત્રી પોતાની પ્રકૃતિ પતિની પ્રકૃતિના સ્વભાવાનુસાર કરી ન શકે, ત્યાં સુધી પ્રકૃતિના પ્રતિકૂલપણાને લીધે તે પતિ પ્રસન્ન ન જ થાય અને તે સ્ત્રીને માત્ર શરીરે ક્ષુધાદિ તાપની પ્રાપ્તિ થાય. તેમ કોઈ મુમુક્ષુ ભગવાનના સ્વરૂપાનુસાર વૃત્તિ ન કરે અને અન્ય સ્વરૂપમાં રુચિમાન છતાં અનેક પ્રકારના તપ તપીને કષ્ટ સેવે, તો પણ તે ભગવાનને પામે નહિ. ભગવાનરૂપ પતિની સેવાના પ્રકાર ઘણા છે. પણ તેમાં સર્વોત્કૃષ્ટ પૂજા તો ચિત્તપ્રસન્નતા એટલે તે ભગવાનમાં ચૈતન્યવૃત્તિ પરમ હર્ષથી એકત્વને પ્રાપ્ત કરવી તે જ છે. તેમાં જ સર્વ સાધન સમાય છે. જ્યાં સુધી ચિત્તમાં બીજો ભાવ હોય ત્યાં સુધી કપટ છે અને કપટ છે ત્યાં સુધી ભગવાનના ચરણમાં આત્માનું અર્પણ ક્યાંથી થાય?

ગમે તે ક્રિયા જપ, તપ કે શાસ્ત્રવાંચન કરીને પણ એક જ કાર્ય સિદ્ધ કરવાનું છે; તે એ કે જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું અને એ એક જ લક્ષ ઉપર પ્રવૃત્તિ કરવાથી જીવને પોતાને શું કરવું યોગ્ય છે અને શું કરવું અયોગ્ય છે તે સમજાય છે—સમજાતું જાય છે. એ લક્ષ અચળ થયા વિના જપ, તપ, ધ્યાન કે દાન કોઈની યથાયોગ્ય સિદ્ધિ નથી; અને ત્યાં સુધી ધ્યાનાદિક નહિ જેવા કામનાં છે.

આત્મચારિત્ર અવધારણ કરતાં તપ પરિષહાદિકનાં બહિર્દુઃખને દુઃખ માન્યું છે; અને મહા અધોગતિમાં પરિભ્રમણરૂપ અનંત દુઃખને બહિર્ભાવ મોહિનીથી સુખ માન્યું છે. એ કેવી ભ્રમવિચિત્રતા છે!

વિષયની વૃત્તિ ન હોય તેને સંયમ પાળવો કંઈયે દુષ્કર નથી. આત્મચારિત્રનું દુઃખ તે દુઃખ નહિ, પણ પરમ સુખ છે અને પરિણામે અનંત સુખતરંગપ્રાપ્તિનું કારણ છે. તેમજ ભોગવિલાસાદિકનું સુખ તે ક્ષણિક અને પરિણામે અનંત દુઃખનું કારણ છે.

જિજ્ઞાસુ મુનિરાજ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે વીતરાગ દેવ ! આપ કલ્પતરુના પણ કલ્પતરુ છો, ચિન્તામણિથી પણ અધિક છો તથા દેવોને પણ પૂજ્ય છો.

શ્રી જિનપૂજા વખતે કરેલો ધૂપ પાપને બાળે છે, દીપક મૃત્યુનો નાશ કરે છે તથા પ્રદક્ષિણા મોક્ષને આપે છે.

હે જિનેશ્વર ! આપના દર્શનથી વિમુખ હું સાર્વભૌમ ચક્રવર્તિ પણ ન થાઉં કિન્તુ આપના દર્શનમાં તત્પર મનવાળો આપના ચૈત્યમાં એક પક્ષી થાઉં તો પણ મારે કબૂલ છે.

જે જીભ પરમાત્માના ગુણ ગાનમાં તત્પર નથી તે જીભ મૂંગી હોય તે સારી છે.

શ્રી જિનભક્તિ એ મુક્તિની દૂતી અને શાશ્વત સુખનું લોહચુંબક છે.

તેજ સાચું અને શંકાવિનાનું છે કે જે શ્રી વીતરાગદેવે પ્રરૂપેલું છે એવી પાકી શ્રદ્ધા એ જ સકલ સુખનું મૂળ સમ્યગ્ દર્શન છે.

શું નવકાર એ મહારત્ન છે ? ચિન્તામણિ છે અથવા કલ્પવૃક્ષ છે ? નહિ, નહિ, તેનાથી પણ અધિક છે. ચિન્તામણિ આદિ એક જન્મના સુખને માટે થાય છે, જ્યારે પ્રવર એવો નવકાર સ્વર્ગ અને અપવર્ગને આપે છે.

જ્યાંસુધી ઇન્દ્રિયો ક્ષીણ થઇ નથી, જરા રાક્ષસી આવીને ઉભી રહી નથી, રોગોના વિકારો પ્રાદુર્ભાવ પામ્યા નથી તથા મૃત્યુ નિકટ આવી પહોંચ્યું નથી, ત્યાં સુધી બને તેટલું આત્મહિત સાધી લ્યો.

આગ લાગે ત્યારે કૂવો ખોદવો અશક્ય છે, તેમ મરણ પ્રાપ્ત થયે ધર્મ સાધવો અશક્ય છે.

આત્માનું હિત કે અહિત અન્ય કોઇ કરતું નથી. પોતે જ પોતાના કર્મથી ઉત્પન્ન થયેલા સુખ દુઃખ ભોગવે છે.

આત્માને જાણ્યો તેને કંઇ જાણવાનું બાકી રહેતું નથી. આખી દુનિયા જાણી પણ આત્માને જાણ્યો નથી તેણે કંઇ જાણ્યું નથી.

જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ રત્નત્રયના ભાજન સ્વરૂપ મનુષ્યપણામાં કેવળ અર્થ અને કામની આરાધનામાં જ મશગૂલ રહેવું એ સુવર્ણના પાત્રમાં મદિરા ભરવા જેવું છે.

સંપાદક :

અમૃતલાલ–જામનગર

# વર્તમાન સમાચાર.

પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ **શ્રી વિજયાનંદસૂરીશ્વરજી** ( આત્મારામજી ) મહારાજની ચૈત્ર શુદ ૧ રવિવાર જન્મ જયંતિ ઉજવવા માટે આ સભાના ઘણા સભાસદો શ્રી શત્રુંજય તીર્થે આવ્યા હતા. દરવર્ષ મુજબ મ્હોટી ટુંકના ચોકમાં પરમાત્મા અને ગુરુદેવ સન્મુખ શ્રી નવાણું પ્રકારની પૂજા વાજિંત્ર સાથે ભણાવવામાં આવી હતી. આંગી રચના કરવા વગેરેવડે દેવગુરુભક્તિ કરી જયંતિ ઉજવવામાં આવી હતી. બપોરના અહીં વાગે સભાસદોનું સ્વામીવાત્સલ્ય સાધુ સાધ્વી મહારાજાઓનો લાભ લેવા સાથે કરવામાં આવ્યું હતું. શેઠ સકરચંદભાઇ મોતીલાલભાઇ રાધનપુરીનિવાસી શ્રીજિવર્યની તે માટેની આર્થિક સહાયવડે સારો લાભ લેવામાં આવ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર અને સમાલોચના.

**૧ આર્હતધર્મપ્રકાશ ( જૈનધર્મ )** પ્રકાશક પૂ૦ આચાર્યદેવ દક્ષિણદીપક **શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી** મહારાજના સુશિષ્ય કવિકુલતિલક **પૂજ્ય કીર્તિવિજયજી મહારાજ.** આ પુસ્તકમાં ૧૬ પ્રકરણોમાં જૈનધર્મનું સુંદર વર્ણન આપવામાં આવ્યું છે અને તે ચિંતન–મનન માટે નિરંતરનો ઉપયોગી લઘુગ્રંથ છે. તે લોકપ્રિય થઇ પડવાથી તેની જુદા જુદા જૈનબંધુઓ તરફથી ચાર ભાષાઓમાં વીશ હજાર નકલો છપાયેલી છે. આ ઉપયોગી જૈન ધર્મના સ્વરૂપને જણાવનાર ગ્રંથ અમારા લાઈફ મેમ્બરો અને આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટ આપવાની જરૂરીયાત જણાતાં પૂજ્ય આચાર્ય ભગવાનશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ તથા કવિરત્ન પૂજ્ય મુનિરાજશ્રી કીર્તિવિજયજી મહારાજને વિનંતિ કરતાં આચાર્ય મહારાજની આજ્ઞાથી પૂજ્ય શ્રી કીર્તિવિજયજી મહારાજે એક હજાર કોપી સભાને ભેટ આપી છે જે માટે બંને ગુરુઓને આભાર માનવામાં આવે છે.

---

**૨ નવસ્મરણસ્તોત્ર સંગ્રહ**–પ્રકાશક **મહેતા નાગરદાસ પ્રાગજી.** આ લઘુ પુસ્તિકામાં સ્તોત્રો, શ્રી શત્રુંજયકલ્પ, ગૌતમસ્વામીનો રાસ, પુન્યપ્રકાશનું સ્તવન, અષ્ટક, ઋષિમંડલ સ્તોત્ર વગેરે ૨૮ ઉપયોગી બાબતો શુદ્ધ ગુજરાતી ટાઇપમાં છપાવી પ્રસિદ્ધ કરેલ છે. નિત્ય સ્મરણ માટે ઉપયોગી સંગ્રહ છે. કિંમત પાકા બાઇન્ડીંગનું મૂલ્ય એક રૂપિયો છે. મળવાનું સ્થળ–પતાસાની પોળના ઢાળમાં અમદાવાદ પ્રકટ કરનારને ત્યાંથી મળશે.

---

**૩ અવધાનની કળા**–લેખક શતાવધાની શ્રીજયંતમુનિજી. અવધાનની કળા ઘણા જૂનાકાળથી છે. અવધાનની કળામાં મુખ્યત્વે યાદશક્તિ જ હોય છે. સ્મરણશક્તિના અવધાનો શ્રોતાઓને આશ્ચર્ય ઉપજાવે છે. અવધાનોની કળામાં ગણિતના દાખલાઓના જવાબો કાઢવાની ચાવીઓ પણ સમાયેલી છે, પરંતુ સમૂહમાં એક સાથે સો અવધાન હોય ત્યારે ગણિત ખાસ યાદ રાખવું પડે છે. બુદ્ધિના વિકાસ સાથે મનની એકાગ્રતા હોય તો જ તેવા પ્રયોગો સફળતાપૂર્વક થઈ શકે છે. લેખક મુનિરાજ જણાવે છે કે અવધાન શીખનારે પોતાનામાં રહેલી ગ્રહણ, ધારણા ને સ્મરણશક્તિઓનો વિકાસ કરવા પ્રયત્નશીલ થવું પડે છે અને શિખવા ઇચ્છતા હોય તેને પ્રત્યક્ષ સૂચના આપવા પોતે ઇચ્છા ધરાવે છે. આ ગ્રંથમાં અવધાનને લગતા ૬૨ વિષયો મહારાજશ્રીએ જણાવ્યા છે. પુસ્તક વાંચતા મહારાજશ્રી અવધાનની કળા અને તેનું જ્ઞાન સારું ધરાવતા હોય તેમ જણાય છે. પ્રાપ્તિસ્થાન દલીચંદ લહેરાભાઈ વસાણી. જનતા હિતવર્ધક પ્રેસ–રાણપુર. ( સૌરાષ્ટ્ર ) કિંમત રૂ.–૧–૧૨–૦

**૪ દીપમાળ**—( લઘુ નિબંધ–સંગ્રહ ) લેખક વિદ્વાન પૂજ્યપાદ શાંતમૂર્તિ પંન્યાસજી મહારાજ **શ્રી કનકવિજયજી ગણિવર.** પ્રકાશક શ્રીજૈન સાહિત્ય પ્રચારિણી સભા–જુનાગઢ મૂલ્ય સવા રૂપિયો.

પૂજ્ય વિદ્વાન પંન્યાસજી મહારાજ શ્રી **કનકવિજયજી** ગણિવર્યે **મંગલદીપ, સંસ્કારદીપ** આ બે દીપકો લખ્યા પછી આ **દીપમાળ** ત્રીજા ગ્રંથમાં મનુષ્યના અંધકારમય જીવનમાં પ્રકાશ વેરતા દીવડાઓમાં અનુભવગમ્ય ચિંતન, મનન અને અભ્યાસપૂર્ણ રીતે આ ગ્રંથમાં ( મનુષ્યને માર્ગ–દર્શક કરાવે તેવી ) સુંદર દીપમાળાઓ રજૂ કરી છે. જ્યારે મંગલદીપમાં પૂજ્ય પંન્યાસજી મહારાજ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાત્માઓને માનવતાનો પાઠ શીખવે છે ત્યારે સંસ્કાર દીપમાં મનુષ્યના આત્મામાં સંસ્કારનો સંચય કરાવે છે, જ્યારે આ ત્રીજા ગ્રંથરત્ન દીપમાળામાં **૧ જીવન અને ચિંતન, ૨ સાહિત્ય અને સંસ્કાર, ૩ ભક્તિ અને આરાધના ૪ સુવર્ણરજ અને મનન માધુરી** ચાર પ્રકરણોમાં ૭૭ વસ્તુઓ મનના, હૃદયના, આત્માના અંધકારને ઉલેચી નિર્મળ પ્રકાશ આપવા-જ્ઞાન પ્રકટાવવા આ દીવડાઓ ચેતાવ્યા છે.; વળી સાથે જ્ઞાનના પરિપાક અને નિરંતરના અભ્યાસ, મનનપૂર્વક વાંચવા વડે તૈયાર કરેલા વિષયો કે જે આદરવા જેવા છે તે આ દીપમાળાઓમાં ગુંથેલ છે.

જીવન અને ચિંતન પ્રથમ પ્રકરણમાં જીવન કેમ જીવવું ? જીવનની મીઠાશ શેમાં છે ? મનુષ્ય વિપત્તિમાં ધૈર્ય, સંપત્તિમાં સમભાવ રાખે તે જ મહાન્ છે વગેરે માનવની મહત્તાનો બોધપાઠ આપેલ છે, તે દરેક મનનપૂર્વક વાંચી આદરવા જેવો છે. માનવના ક્યા બે પાપોથી સર્વનાશ થઇ રહ્યો છે ? પ્રારબ્ધ અને પુરુષાર્થના પ્રકરણમાં કર્મનું પ્રાધાન્યપણું જ મુખ્ય છે તે માટે સુંદર વિવેચન કર્યું છે. બીજા પ્રકરણમાં મૃત્યુથી કેમ ન ડરવું ? તેના ઉપર કેમ વિજય મેળવો વગેરે મનુષ્યોએ જીવતા કેમ શીખવું એ આદર્શોને પંન્યાસજી મહારાજે સરલ રીતે સમજાવ્યો છે.

રાષ્ટ્રની સ્વતંત્રતાનું નૂર કેમ નથી ? હિંદની પ્રજા ગુલામીના જાળામાં કેમ ફસાયેલી છે ? તેના કારણોમાં તપ, ત્યાગ અને સંયમ ગયા, તૃષ્ણા વધી, દંભ દુરાચાર તથા સ્વાર્થ વધ્યા તેનું અને તે જાળામાંથી પ્રજા કેમ છૂટે તેના વિશિષ્ટ પ્રકારો એ દીપમાળામાં જણાવેલ છે. સેવા અને સત્તા, જેમાં સત્તા કરતા સેવાની જરૂર સ્વીકારી સેવામાં ક્યા ગુણો સમાયેલા છે તે સમજાવ્યા છે.

એક દીવડામાં મૃત્યુ પર વિજય કેમ મેળવવો ? સાચી રીતે જીવન જીવી જવા માટે શુભ પ્રવૃત્તિઓમાં શ્રદ્ધાબળ શું કામ કરે છે અને તેની પ્રથમ જરૂર સ્વીકારી, નહિં ભૂલવા બોધપાઠ આપ્યો છે. રસિકતાના પૂજારી કવિને વસ્તુસ્વરૂપનો જ્ઞાતા અને સાચો આર્યદૃષ્ટા બની કાવ્યો રચવાની તથા મહામુનિઓને પોતાની કવિતામાં આલેખવા, તેમજ કાવ્યો રચવામાં કલ્યાણકર સુંદરતાના સત્ય માર્ગે વાળવા જરૂરી શિખામણ આપી છે. એક દીપમાળામાં હાલમાં ભારતમાં અનેકવાદોનું તોફાન કેમ ચાલી રહેલું તે જણાવી કર્મવાદ, સ્યાદ્વાદ અને અધ્યાત્મવાદ સાધનારા મહાત્માઓ લોકકલ્યાણનો જે રાહ ચિંધી ગયા છે તે માર્ગે ચાલવા પૂજ્ય પંન્યાસજી મહારાજે જે વિવેચન કર્યું છે તે જરૂર મનન કરવા જેવું છે. આવા આવા ૭૭ દીવડાઓમાં મનુષ્ય જીવનનું સાર્થક કેમ થાય ? દેશમાં સાચી શાંતિ કેમ પ્રસરે વગેરે ચિંતન મનન કરી આદરવા જેવા બોધપાઠો આપેલા છે.

આ લઘુગ્રંથમાંહે નિબંધનિકાઓ લઘુ હોવા છતાં રુચિકર અને લોકભોગ્ય બની છે, જેમાં અનેક મહત્વની બાબતો સમાયેલી છે, એટલું જ નહિં પરંતુ શાળાઓમાં તે માંહેના એક એક નિબંધ ઉપર વિદ્વાનોવડે વિવેચન કરાવવા જેવી છે. વિશ્વવિનાશના દિવસાનુદિવસ જે ભણકારા સંભળાઇ રહેલા છે તેનું આબેહૂબ વર્ણન ઘણા વિષયોમાં સ્પષ્ટ જણાવેલ છે. પૂજ્ય પંન્યાસજી મહારાજે આ દીપમાળામાં માણસાઇના દીવડા પેટાવ્યા છે અને દરેક વિષયો મનુષ્યમાત્ર માટે ઉપકારક અને સાચી શાંતિ આપે તેવા છે. કૃપાળુ પંન્યાસજી મહારાજ આવી રીતે અનેક સુંદર, મહત્ત્વ અને અનુભવપૂર્ણ કૃતિઓ રચી જનસમાજ ઉપર વિશેષ ઉપકાર કરી, સુંદર સાહિત્યની વૃદ્ધિ કરવા સુખશાતાપૂર્વક દીર્ઘાયુ ભોગવે તેવી પ્રાર્થના સાથે સમાલોચના પૂર્ણ કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ફરી નહીં છપાવવામાં આવતા બે અમૂલ્ય ગ્રંથો મળી શકશે માટે મંગાવો.

### ૧ શ્રી કલ્પસૂત્ર ( બારસો ) મૂળ પાઠ.

દર વર્ષે પર્યુષણ પર્વમાં અને સંવત્સરી દિને પૂજ્ય મુનિ મહારાજાઓ વાંચી ચતુર્વિધ સંઘને સંભળાવે છે જેનો અપૂર્વ મહિમા છે, તે શાસ્ત્રી મોટા ટાઇપમાં પ્રતાકારે સુંદર અક્ષરોથી અને સુશોભિત પાટલીસહિત પ્રથમ શ્રાવક ભીમસિંહ માણેકે છપાવેલ તે મળતો નહોતો, જેની માત્ર પચીશ કોપી અમારી પાસે રહેલ છે, જેથી પૂજ્ય મુનિમહારાજા કે જ્ઞાનભંડાર, લાઇબ્રેરી કે જૈન બંધુઓને જોઇએ તેમણે મંગાવી લેવા. નમ્ર સુચના છે. કિં. રૂા. ૩–૦–૦ પોસ્ટેજ જુદું.

૨ **સજ્ઝાયમાળા**—શાસ્ત્રી શુદ્ધ રીતે મોટા અક્ષરોથી છપાયેલ, શ્રી પૂર્વાચાર્ય–અનેક જૈન પંડિતો વિરચિત, વિવિધ વિષયક વૈરાગ્યાદિ રસોત્પાદક, આત્માને આનંદ આપનાર ૧૩મા સૈકાથી અઢારમા સૈકા સુધીમાં થઇ ગયેલા પૂજ્ય આચાર્યદેવો અને પંડિત મુનિમહારાજાએ રચેલ સજ્ઝાયનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે, કે જે વાંચતા મહાપુરુષોના ચારિત્રની ઘટના આપણી પૂર્વની જાહોજલાલી, અને વાચકને વૈરાગ્યવૃત્તિ તરફ દોરે છે. ( પ્રથમ ભીમસીંહ માણેકે છપાવેલી તે જ ) હાલમાં તે મળી શક્તિ નહોતી અમારી પાસે માત્ર પચીશ કોપી આવી છે. પચાસ ફોર્મ ૪૦૮ પાનાનો સુંદર કાગળો શાસ્ત્રી મોટા ટાઇપો, અને પાકા બાઇડીંગથી અલંકૃત કરેલ છે કિંમત રૂા. ૪–૮–૦ પોસ્ટેજ જુદું મૂળ કિં. આપવાની છે. )

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

---

## ૧. શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરનું સચિત્ર ચરિત્ર.

અનેક રંગના વિવિધ અવસ્થાના ફોટાઓ, સુંદર બાઇંડીંગ કવર ઝેકેટ સાથે પુણ્યવંત મનુષ્યોનું ઉચ્ચ કોટીનું જીવન કેવું સુંદર હોય છે, તેનો સુંદર નમુનો આ ચરિત્રમાં છે.

શ્રી શ્રેયાંસનાથ ભગવાનના આગલા ત્રીજા ભવમાં તેઓશ્રી ભુવનભાનુ રાજાના સુપુત્ર શ્રી **નલિની-ગુલ્મ** નામે રાજપુત્ર હતા. ભુવનભાનુ રાજા અને નલિનીગુલ્મ રાજપુત્ર બંને જ્યારે કોઇ અવનવા આશ્ચર્ય સાથે આનંદ ઉત્પન્ન કરે તેવા પ્રસંગે રાજધાની છોડી અનેક શહેરો, જંગલો, ઉદ્યાનો–વનો ઉપવનોમાં પરિભ્રમણ કરતાં તે બંને મહાન પુરુષની ધર્મભાવના, પરોપકારપણું, દેવ ભક્તિ, નમસ્કાર મહામંત્રની અખૂટ શ્રદ્ધા અને પૂર્વના પુણ્યોદયવડે વૈભવ, સંપત્તિ, સુખો, સુંદર આદર્શ સ્ત્રીરત્નોની પ્રાપ્તિ વિઘ્નો, અને સંકટ વખતની ધૈર્યતા, અને રાજનીતિ તે વખતની સામાજિક નીતિ ન્યાયનીતિ, શહેર, ઉદ્યાનોના વર્ણનો, ધર્મગુરુઓની દેશનાઓના લાભો વગેરે આ ચરિત્ર સંપૂર્ણ વાંચતા આત્મિક આનંદ, અનુકરણીય સુંદરપ્રસંગો પ્રાપ્ત થાય છે.

---

## ૨. “ જ્ઞાનપ્રદીપ ગ્રંથ ” ( ભાગ ત્રીજો ).

દરેક મનુષ્યને–અલ્પજ્ઞને પણ સરલ રીતે સમજી શકાય અને ઉચ્ચ જીવન કેમ જીવાય, જીવનમાં આવતાં સુખ દુઃખના પ્રસંગોએ કેવી પ્રવૃત્તિ આદરવી, તેનું દિશાસૂચન કરાવનાર, અનંતકાળથી સંસારમાં રઝળતા આત્માને સાચો રાહ બતાવનાર, સન્માર્ગ, સ્વર્ગ અને મોક્ષ મેળવવા માટે ભોમીયારૂપ આ ગ્રંથમાં આવેલા વિવિધ તેર વિષયો છે. જે ગ્રંથો માટે જૈન જૈનેતર મનુષ્યોએ પ્રશંસા કરેલ છે. પુષ્પમાળારૂપે વિદ્વાન આચાર્ય મહારાજ વિજયકસ્તુરસૂરિમહારાજે સાદી અને સરલ ભાષામાં રચેલો છે. કિંમત બે રૂપીયા પોસ્ટેજ જુદું. થોડી નકલો સિલિકે છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

# સભાના મેમ્બર થવાથી થતો અપૂર્વ લાભ.

રૂા. ૫૦૧) રૂા. પાંચસો એક આપનાર ગૃહસ્થ, સભાના પેટ્રન થઈ શકે છે. તેમને છેલ્લા પાંચ વર્ષમાં પ્રગટ થયેલા ગુજરાતી પ્રકાશનો ભેટ તરીકે મળી શકે છે.

રૂા. ૧૦૧) પહેલા વર્ગના લાઇફ મેમ્બર થનારને ચાલુ વર્ષના બધા ગુજરાતી પ્રકાશનો ભેટ મળી શકે છે અને અગાઉના વર્ષના પુસ્તકો પોણી કિંમતે મળી શકે છે.

રૂા. ૫૧) બીજા વર્ગના લાઇફ મેમ્બર. તેમને પુસ્તકની જે કિંમત હશે તેમાંથી ત્રણ રૂપિયા કમી કરી બાકીની કિંમતે આ વરસના પુસ્તકો ભેટ મળી શકશે; પણ રૂા. ૫૦) વધુ ભરી પહેલા વર્ગમાં આવનારને પહેલા વર્ગને મળતો લાભ મળશે. બીજા વર્ગમાં જ રહેનારને ત્રણે રૂપીઆની કીંમતના ભેટ મળશે.

રૂા. ૧૦૧) ભરનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને નીચેના સાત વર્ષોમાં જે પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે તે નીચે મુજબ છે. **સાત વર્ષ પહેલાં થયેલા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ભેટ આપવામાં આવેલા ગ્રંથોની કિંમત ઘણી મ્હોટી છે.** જેમાંથી પેટ્રન થનારને છેલ્લા પાંચ વર્ષના પુસ્તકો ભેટ મળશે.

| | | |
|---|---|---|
| સં. ૨૦૦૩માં | શ્રી સંઘપતિ ચરિત્ર—( સચિત્ર ) | કિં. રૂા. ૬-૮-૦ |
| | શ્રી મહાવીર ભગવાનનાં યુગની મહાદેવીઓ | ,, ,, ૩-૮-૦ |
| સં. ૨૦૦૪માં | શ્રી વસુદેવ હિંદી ભાષાંતર | ,, ,, ૧૫-૦-૦ |
| | શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૭-૮-૦ |
| સં. ૨૦૦૫માં | શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૧૩-૦-૦ |
| સં. ૨૦૦૬માં | શ્રી દમયન્તી ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬-૮-૦ |
| | જ્ઞાન પ્રદીપ ભાગ ૨ | ,, ,, ૪-૦-૦ |
| | આદર્શ સ્ત્રી રત્નો ભાગ ૨ | ,, ,, ૨-૦-૦ |
| | જૈન મતકા સ્વરૂપ | ભેટ |
| સં. ૨૦૦૭ } | શ્રી કથારત્નકોષ ભાષાન્તર ગુજરાતી ભાગ ૧ | ,, ,, ૧૦-૦-૦ |
| ,, ૨૦૦૮ } | શ્રી તીર્થંકર ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬-૦-૦ |
| | શ્રી અનેકાન્તવાદ | ,, ,, ૧-૦-૦ |
| | ભક્તિ ભાવના નૂતન સ્તવનાવળી | ,, ,, ૦-૮-૦ |
| સં. ૨૦૦૯માં | શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર-સચિત્ર | ,, ,, ૭-૮-૦ |
| | જ્ઞાન-પ્રદીપ ભાગ ત્રીજો | ,, ,, ૨-૦-૦ |
| | નમસ્કાર મહામંત્ર | ,, ,, ૧-૦-૦ |
| | | રૂા. ૮૬-૦-૦ |

સં. ૨૦૧૦ માં આપવાના ભેટના પુસ્તકો તૈયાર થશે ત્યાં સુધી નવા થનાર લાઇફ મેમ્બરને ઉપરોક્ત સં. ૨૦૦૯ ના ભેટના પુસ્તકો ભેટ મળશે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરની ફી રૂા. ૧૦૧) ભર્યેથી રૂા. ૧૩) નું શ્રી પાર્શ્વનાથ ચરિત્ર રૂા. ૭) વધુ ભર્યેથી આપવામાં આવશે. માટે પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થઈ મળતા ભેટના પુસ્તકોનો લાભ મેળવો. જૈન બંધુઓ અને બ્હેનોને પેટ્રનપદ અને લાઇફ મેમ્બર થઇ નવા નવા સુંદર ગ્રંથો ભેટ મેળવવા નમ્ર સૂચના છે.

એકાવન વરસથી પ્રગટ થતું આત્માનંદ પ્રકાશ માસિક દર માસે જિંદગી સુધી ભેટ મળશે. મેમ્બર થવામાં જેટલો વિલંબ થશે તે વરસના ભેટના પુસ્તકો ગુમાવવાના રહેશે; અત્યારસુધીમાં આશરે ૭૦૦ સંખ્યા લાઇફ મેમ્બરોની થઈ છે.

ઠરાવ
તા. ૧૩-૧-૫૩
૨૦૦૯ પોસ વદ ૧૩ }

શ્રી જૈન આત્માનંદ સભા.
ભાવનગર

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only